# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, યુ.એસ.એ.

# યુવા સત્સંગ પાઠશાળા

### પાઠ-૧

તારીખ : ૭, ફેબ્રુઆરી ૨૦૦૯

અને આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે; તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે જગ્યા પણ સુંદર સાત માળની હવેલી હોય તે હવેલીને વિષે કાચના તક્તા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઇને પરસ્પર પાતા હોય, અને કેટલાક તો દારૂના શીશા ભરેલા પડ્યા હોય અને વેશ્યાઓ થેઇ થેઇકાર કરી રહી હોય, અને નાના પ્રકારનાં વાજીંત્ર વાજતાં હોય ને તે સભામાં જઇને જે રજન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી ઉજાતનું થઇ જાય છે. અને તૃણની ઝુંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સહવર્તમાન ભગવદ્વાર્તા થાતી હોય તે સભામાં જઇને જે જજન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ પબીજી રીતનું થાય છે; માટે સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તેને જો વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે. અને ગબરગંડને તો કાંઇ ખબર પડતી નથી, માટે આ વાર્તા છે તે છેક મૂર્ખ પણે પશુને પાડે વર્તતો હોય તેને તો ન સમજાય અને જે કાંઇક વિવેકી હોય અને કાંઇક ભગવાનનો આશ્રિત હોય તેને તો આ વાર્તા તુરત સમજ્યામાં આવે છે; માટે પરમહંસ તથા સાંખ્યયોગી હરિજન તથા કર્મયોગી હરિજન એ સર્વેને કુપાત્ર માણસની સંગત કરવી નહિ. અને સત્સંગ મોરે તો ગમે તેવો કુપાત્ર જીવ હોય તોય તેને નિયમ ધરાવીને સત્સંગમાં લેવો પણ સત્સંગમાં આવ્યા પછી કુપાત્રપણું રાખે તો બાઇ અથવા ભાઇ જે હોય તેને સત્સંગ બહાર કાઢી મેલવો અને જો ન કાઢે તો એમાંથી ઝાઝું ભુંડુ થાય, જેમ ''જે આંગળીને સર્પે કરડી હોય અથવા કિડિયારાનો રોગ થયો હોય અને તેટલું અંગ જો તુરત કાપી નાખે તો પંડે કુશળ રહે, ને તેનો લોભ કરે તો ઝાઝો બીગાડ થાય'' તેમ જે કુપાત્ર જીવ જણાય તેનો તત્કાળ ત્યાગ કરજ્યો. અને આ અમારૂં વચન છે તે ભલા થઇને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દઇશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઇશું, કાં જે તમે અમારો દાખડો સુફળ કર્યો અને ભગવાનનું ધામ છે ત્યાં આપણ સર્વે ભેળા રહીશું. અને જો ૬એમ નહિ રહો તો તમારે અને અમારે ઘણું છેટું થઇ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે અને હેરાન થશો. અને જે કાંઇ ભગવાનની ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઇક કાળે પ્રગટ થશે, ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યાર પછી મુક્ત થઇને ભગવાનના ધામમાં જાશો.